# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-03-2025** **Morning: 7.45 TO 7.55**
**Day :MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

******************************************************

1) **સરકારે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો- MSME માટે ટર્ન ઓવર અને રોકાણના માપદંડમાં સુધારો કર્યો**
2) **આજે વિશ્વ ક્ષય રોગ દિવસ - વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ પ્રમાણે ભારતમાં ટીબીનાં દરમાં 17.7 ટકાનો ઘટાડો થયો**
3) **આગામી બેથી ત્રણ દિવસ ગુજરાતનાં કેટલાંક ભાગોમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાની આગાહી**
4) **કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નીએ 28 એપ્રિલે ત્વરિત ચૂંટણી યોજવાની જાહેરાત કરી**
5) **આઇપીએલ ટી-20માં ચેન્નાઈ સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને 4 વિકેટે હરાવ્યુઃ આજે વિશાખાપટ્ટનમમાં દિલ્હી કેપિટલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો**
6) **ભારતની પુરુષ અને મહિલા એમ બંને ટીમોએ કબડ્ડી વિશ્વ કપ 2025 જીત્યો**

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# GOVT – MSME

**સરકારે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો MSME માટે ટર્ન ઓવર અને રોકાણના માપદંડમાં સુધારો કર્યો છે, જે 1 એપ્રિલથી અમલી બનશે. હવે એક કરોડને બદલે અઢી કરોડ રૂપિયા સુધીનાં રોકાણ ધરાવતા એકમોને સુક્ષ્મ એકમો ગણવામાં આવશે. ટર્નઓવરની મર્યાદા પાંચ કરોડ રૂપિયાથી વધારીને બમણી કરીને 10 કરોડ રૂપિયા કરવામાં આવી છે.**

**25 કરોડ રૂપિયા સુધીનાં એકમોને લઘુ એકમો ગણવામાં આવશે, જ્યારે આવા એકમો માટેની ટર્નઓવર મર્યાદા 50 કરોડ રૂપિયાથી બમણી કરીને 100 કરોડ રૂપિયા કરવામાં આવી છે.**

125 કરોડ રૂપિયા સુધીનાં રોકાણ ધરાવતા એકમોને મધ્યમ એકમો તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. આ મર્યાદા અગાઉ 50 કરોડ હતી, જ્યારે ટર્નઓવર મર્યાદા બમણી કરીને 500 કરોડ રૂપિયા કરવામાં આવી છે.

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે કેન્દ્રીય અંદાજપત્રમાં MSMEનાં નવા વર્ગીકરણ માપદંડોની જાહેરાત કરી હતી

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TB DAY

આજે વિશ્વ ક્ષય રોગ દિવસ છે. ક્ષય રોગ -TBના વિનાશક આરોગ્ય, સામાજિક અને આર્થિક પરિણામો વિશે જાગૃતિ લાવવા અને વૈશ્વિક રોગચાળાને સમાપ્ત કરવાના પ્રયત્નોને વેગ આપવા માટે દર વર્ષે 24 માર્ચે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

પ્રસ્તુત છે એક અહેવાલ...

(VOICE CAST -- KARAN MAKWANA, TB DAY)

*1882માં ડોક્ટર રોબર્ટ કોચ દ્વારા ટીબીના બેક્ટેરિયાની શોધ કરવામાં આવી હતી. ડોક્ટર કોચની વર્ષગાંઠ નિમિત્તે દર વર્ષે 24મી માર્ચે વિશ્વ ક્ષય દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષની વિષયવસ્તુ છે "હા! આપણે ટીબીનો અંત લાવી શકીએ છીએઃ પ્રતિબદ્ધ થવું, રોકાણ અને પરિણામલક્ષી પ્રયાસ,"*

*કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ક્ષય નાબૂદી માટે દર્દીઓને મફત દવાઓ, નિદાન, નિક્ષય પોષણ યોજના હેઠળ દર્દીને પ્રતિ માસ એક હજાર રૂપિયા આપવામાં આવે છે. આ ઉપરાંત, 100 દિવસનો ક્ષય નાબૂદી કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. વિશ્વ આરોગ્ય સંસ્થાના 2024નાં અહેવાલ પ્રમાણે ભારતમાં ટીબીનાં દરમાં 17.7 ટકાનો ઘટાડો થયો છે. કેસોની સંખ્યા 2015માં પ્રતિ લાખ 237થી ઘટીને 2023માં 95 થઈ છે.*

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PREZ-VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે છત્તીસગઢ અને ઓડિશાની મુલાકાત લેશે. તેમની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ મુર્મુ રાયપુર ખાતે છત્તીસગઢ વિધાનસભાના રજત જયંતી સમારોહમાં હાજરી આપશે. રાષ્ટ્રપતિ ઓડિશાના નયાગઢમાં ભારતીય વિશ્વાબાસુ શબર સમાજના સ્થાપના દિવસના સમારોહમાં પણ હાજરી આપશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IMD-WEATHER

હવામાન વિભાગે તટીય આંધ્રપ્રદેશ, તેલંગાણા અને દક્ષિણ કર્ણાટકમાં આજે ગાજવીજ સાથે હળવા વરસાદની આગાહી કરી છે. આગામી ત્રણથી ચાર દિવસ જમ્મુ કાશ્મીર, લડાખ અને હિમાચલ પ્રદેશમાં આવી જ સ્થિતિ પ્રવર્તશે.

દરમિયાન, આગામી બેથી ત્રણ દિવસ ગુજરાતનાં કેટલાંક ભાગોમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેશે અને તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થશે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ...

(VOICE CAST -- PRIYA WEATHER)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NAXALITES SURRENDERS

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં બે મહિલાઓ સહિત 22 માઓવાદીઓએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. જિલ્લા અધિક પોલીસ અધિક્ષક ઉલાન્ડન યોર્કે જણાવ્યું હતું કે આત્મસમર્પણ કરનારા છ માઓવાદીઓ પર કુલ 11 લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું છે. આત્મસમર્પણ કરનારા માઓવાદીઓને રાજ્ય સરકારની પુનર્વસન નીતિ હેઠળ દરેકને 25,000 રૂપિયાનો રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

**(ગોન્ગ મ્યુઝિક)**

.................................................................

# CANADA SNAP ELECTION

કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નીએ 28 એપ્રિલે ત્વરિત ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે, કેનેડાને દેશને હાલમાં લિબરલ પાર્ટી કરતાં પણ વધુ મજબૂત જનાદેશ સાથે સરકાર મળે તે સુનિશ્ચિત કરવા માટે તેમણે ત્વરિત ચૂંટણીની જાહેરાત કરી છે. પડોશી દેશ અમેરિકા સાથેનું વેપાર યુદ્ધ અને કેનેડાને અમેરિરાનું 51મું રાજ્ય બનાવવા રાષ્ટ્રપતિ ટ્રમ્પની કેનેડાને જોડવાની વારંવારની ધમકીને ધ્યાનમાં રાખતા આ મહત્વની જાહેરાત છે.

કાર્નીએ જણાવ્યું હતું કે, તેમણે ગવર્નર જનરલને સંસદને ભંગ કરવા અને 28 એપ્રિલના રોજ ચૂંટણી યોજવાની વિનંતી કરી છે અને તેઓ સંમત થયા છે. અચાનક જાહેરાત દરમિયાન પ્રધાનમંત્રાએ કહ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પ કેનેડાને તોડવા માંગે છે જેથી અમેરિકા તેની માલિકી મેળવી શકે. પરંતુ કેનેડા આવું નહીં થવા દે. ગંભીર જોખમ હોવાનો દાવો કરતાં તેમણે કહ્યું હતું કે, સાહસિક નિર્ણયો લેવા માટે તેમના દેશે મજબૂત જનાદેશ આપવાનું લક્ષ્ય રાખવું જોઈએ.

ઉલ્લેખનીય છે કે, શ્રી કાર્નીના પુરોગામી, જસ્ટિન ટ્રુડોએ તેમના પક્ષની અંદરના વધતા દબાણ તેમજ પિયર પોઇલીવરેની આગેવાની હેઠળના કેનેડાના વિરોધને કારણે એક સપ્તાહ પહેલાં રાજીનામું આપ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IPL

આઇપીએલ ટી-20માં ચેન્નાઈ સુપર કિંગ્સે ગઈકાલે રાત્રે ચેન્નાઈના એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સને 4 વિકેટે હરાવ્યું હતું. મુંબઈ ઈન્ડિયન્સે આપેલા 156 રનના સામાન્ય લક્ષ્યાંકનો પીછો કરતા ચેન્નાઈ સુપર કિંગ્સે રચિન રવિન્દ્રના અણનમ 65 અને સુકાની રુતુરાજ ગાયકવાડના આક્રમક 53 રનની મદદથી 19.1 ઓવરમાં જીત મેળવી હતી.

મુંબઇ ઇન્ડિયન્સના પ્રારંભિક ખેલાડીઓ ઝડપથી આઉટ થઈ ગયા હતા. રોહિત શર્મા શૂન્ય રને આઉટ થયા હતા, જ્યારે રિકલ્ટને 13 અને જેકસે 11 રન કર્યા હતા. સૂર્યકુમાર યાદવે 29 અને તિલક વર્માએ 31 રન કર્યા હતા. 18 રનમાં ચાર વિકેટ ઝડપનાર નુર અહેમદને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

આ અગાઉ રમાયેલી મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદે રાજસ્થાન રોયલ્સને 44 રને હરાવ્યું હતું.

આજે વિશાખાપટ્ટનમમાં દિલ્હી કેપિટલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો થશે. મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# KABADDI WORLD CUP

ભારતે ઇંગ્લેન્ડના વોલ્વરહેમ્પ્ટન ખાતે પુરુષ અને મહિલા એમ બંને ટીમોએ કબડ્ડી વિશ્વ કપ 2025 જીત્યો છે. પુરુષોની ટીમે અંતિમ મેચમાં ઘરઆંગણાની ટીમ ઇંગ્લેન્ડને 44-41 સાથે હરાવ્યું હતું.

અગાઉ, ભારતીય મહિલા ટીમે પણ આ જ સ્થળે ફાઇનલમાં 57-34 ના પ્રભાવશાળી સ્કોર સાથે ઇંગ્લેન્ડને હરાવ્યું હતું. એશિયાની બહાર પ્રથમ વખત, આ ટુર્નામેન્ટમાં ટોચની કબડ્ડી ટીમોએ વેસ્ટ મિડલેન્ડ્સમાં સ્પર્ધા કરી હતી.

2019માં મલેશિયામાં યોજાયેલા પ્રથમ કબડ્ડી વિશ્વકપમાં પણ ભારતની પુરુષ અને મહિલા ટીમો વિજેતા બની હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# KHELO INDIA PARA GAMES

પંજાબનાં જસપ્રિત કૌરે ગઈકાલે નવી દિલ્હીમાં ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સમાં પાવરલિફ્ટિંગમાં રાષ્ટ્રીય વિક્રમ તોડ્યો હતો. તેમણે 45 કિલો વર્ગમાં પોતાનો જ રાષ્ટ્રીય વિક્રમ તોડીને સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

મનીષે 54 કિલોગ્રામ વર્ગમાં 166 કિલોગ્રામ વજન ઉપાડીને નવો રાષ્ટ્રીય વિક્રમ સ્થાપીને સુવર્ણચંદ્રક મેળવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BALOCH PEOPLE

એમ્નેસ્ટી ઇન્ટરનેશનલની દક્ષિણ એશિયાની પ્રાદેશિક કચેરીએ પાકિસ્તાની અધિકારીઓને શાંતિપૂર્ણ વિરોધ કરનાર બલૂચ કાર્યકર્તા મહરંગ બલોચ અને અન્ય તમામને તાત્કાલિક મુક્ત કરવા હાકલ કરી છે. મહરાંગ બલોચ ૩૮ કલાકથી વધુ સમયથી ગેરકાયદેસર અટકાયતમાં છે, અને તેમના વકીલો અને પરિવારને તેમને મળવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

માનવાધિકાર ચળવળના અગ્રણી વ્યક્તિ અને બલૂચ લોકોના અધિકારોના કટ્ટર હિમાયતી મહરંગ બલૂચને હિંસક રીતે ખેંચીને ધરપકડ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# હવે જોઇએ આજના અખબારોમાં પ્રસિધ્ધ થયેલા મુખ્ય સમાચાર હર્ષલ પંડ્યા વાંચે છે....

આજના અખબારોની હેડલાઇન્સમાં દિલ્હી હાઇકોર્ટના જસ્ટીસ વર્માના ઘરેથી મળેલી બળેલી નોટો મળવાનો વિડીયો જાહેર, ભારતે ચીનની પાંચ પ્રોડક્ટ પર એન્ટિ ડમ્પિંગ ડ્યુટી લાદી, રશિયા યુક્રેન યુધ્ધ સહિતના સમાચાર જોવા મળી રહ્યાં છે.

ગુજરાત સમાચારે લખ્યું છે કે મારા ઘરે કરોડો રૂપિયા કોણ મૂકી ગયું મને ખબર નથીઃ જજ વર્મા જસ્ટીસ વર્માના ઘરે  બળેલી નોટોનો વિડિયો જાહેર આ મથાળા સાથે ફૂલછાબ દૈનિકે સમાચાર છાંપ્યા છે

જ્યારે હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકાએ પણ આજ મુદ્દે સમાચાર બનાવ્યાં છે.. અંગ્રેજી અખબાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ પ્રોબ અગેઇન્સ્ટ એચ સી જજ મે નોટ કન્ક્લુડ અર્લીના હેડિંગ સાથે સમાચારન કવર કર્યા છે.

જ્યારે નવગુજરાતસમયે ભારતે ચીનની પાંચ પ્રોડક્ટસ પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદી હોવાના સમાચારને પ્રાધાન્ય આપ્યું છે.

આ ઉપરાંત તમામ અખબારોએ દક્ષિણ કોરિયાના જંગલોમાં વિકરાળ આગ, કેનેડાના પીએમ દ્વારા ચૂંટણી પ્રચારના સમાચાર પણ પહેલા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.

જ્યારે રાજ્ય અને સ્થાનિક સમાચારમાં તમામ અખબારોએ અમદાવાદ શહેરના ગુનેગારોને દર રવિવારે ક્રાઇમ બ્રાંચ બોલાવાશે, આજથી આરોગ્ય કર્મીઓના પાટનગર ખાતે દેખાવોના સમાચાર પણજોવા મળી રહ્યાં છે.

જ્યારે સ્પોર્ટ્સ પેજ ઉપર આઇપીએલની મેચમાં ઇશાન કિશનની સદી સાથે હૈદ્રાબાદ કોલકત્તા વચ્ચેની હાઇસ્કોરિંગ મેચના સમાચાર , મુંબઇ ઇન્ડિયન્સનો પહેલી મેચમાં જ પરાજય જેવા સમાચાર પણ પ્રકાશિત થયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .